# Navdurga-Gujrati



૨

# ૧. શૈલપુત્રી

**વન્દે વાઞ્છિતલાભાય ચન્દ્રાર્ધકૃતશેખરામ્ ।**
**વૃષારૂઢાં શૂલધરાં શૈલપુત્રી યશસ્વિનીમ્ ॥**

મા દુર્ગા પોતાના પ્રથમ સ્વરૂપમાં 'શૈલપુત્રી' નામે ઓળખાય છે. પર્વતરાજ હિમાલયને ત્યાં પુત્રીરૂપે ઉત્પન્ન થવાને કારણે તેમનું નામ 'શૈલપુત્રી' પડ્યું હતું. વૃષભ પર બિરાજિત આ માતાજીના જમણા હાથમાં ત્રિશૂળ અને ડાબા હાથમાં કમળનું પુષ્પ શોભાયમાન છે. આ જ નવદુર્ગાઓમાં પ્રથમ નવદુર્ગા છે.

પોતાના પૂર્વજન્મમાં તે પ્રજાપતિ દક્ષની કન્યાના રૂપે અવતર્યાં હતાં. ત્યારે તેમનું નામ 'સતી' હતું. તેમનો વિવાહ ભગવાન શંકરજી સાથે થયો હતો. એક વખત પ્રજાપતિ દક્ષે એક બહુ મોટો યજ્ઞ કર્યો. તેમાં તેમણે બધા દેવતાઓને પોતપોતાનો યજ્ઞભાગ પ્રાપ્ત કરવા માટે નિમંત્રિત કર્યા. પરંતુ તેમણે શંકરજીને આ યજ્ઞમાં નિમંત્રિત ન કર્યા. સતીએ જ્યારે સાંભળ્યું કે મારા પિતા એક અત્યંત વિશાળ યજ્ઞનું અનુષ્ઠાન કરી રહ્યા છે, ત્યારે ત્યાં જવા માટે તેમનું મન વ્યાકુળ થઈ ઊઠ્યું. તેમણે પોતાની આ ઇચ્છા શંકરજીને જણાવી. સઘળી વાતોનો વિચાર કર્યા બાદ શિવજીએ તેમને કહ્યું, 'પ્રજાપતિ દક્ષ કોઈ કારણવશ આપણા પર રુષ્ઠ છે. પોતાના યજ્ઞમાં તેમણે બધા દેવતાઓને નિમંત્રિત કર્યા છે. તેમના યજ્ઞભાગ પણ તેમને સમર્પિત કર્યા છે, પણ આપણને જાણીજોઈને બોલાવ્યા નથી. કોઈ સૂચના પણ મોકલી નથી. આવી પરિસ્થિતિમાં તમારું ત્યાં જવું કોઈ પણ રીતે શ્રેયસ્કર નહીં ગણાય.' શિવજીના આ ઉપદેશથી સતીને કોઈ પ્રબોધ ન થયો. પિતાનો યજ્ઞ જોવા, ત્યાં જઈને માતા અને બહેનોને મળવાની તેમની વ્યાકુળતા કોઈ પણ રીતે ઓછી થઈ નહિ. તેમનો પ્રબળ આગ્રહ જોઈ ભગવાન શિવજીએ તેમને ત્યાં જવાની રજા આપી દીધી.

પિતાના ઘેર પહોંચીને સતીએ જોયું કે કોઈ પણ તેમની સાથે આદર અને પ્રેમથી વાતચીત નથી કરી રહ્યું. બધા લોકોનાં મોં ચઢેલાં છે. કેવળ તેમની માતાએ સ્નેહથી તેમને હૃદય સરસા ચાંપ્યાં. બહેનોની વાતોમાં વ્યંગ અને ઉપહાસના ભાવ ભરેલા હતા. પરિજનોના આ વ્યવહારથી તેમના મનમાં ઘણો ક્લેશ પહોંચ્યો. તેમણે એ પણ જોયું કે ત્યાં ચતુર્દિક ભગવાન સદાશિવજી પ્રત્યે તિરસ્કારનો ભાવ ભરેલો છે. દક્ષે તેમના પ્રત્યે કંઈક અપમાનજનક વચનો પણ કહ્યાં. આ બધું જોઈને સતીનું હૃદય ક્ષોભ, ગ્લાનિ અને ક્રોધથી તપી ઊઠ્યું. તેમણે વિચાર્યું, ભગવાન શંકરજીની વાત ન માનીને મેં અહીં આવીને બહુ મોટી ભૂલ કરી છે.

તેઓ પોતાના પતિ ભગવાન શંકરના આ અપમાનને સહી ન શક્યાં. યોગાગ્નિ દ્વારા પોતાના તે રૂપને તેમણે તત્કાળ બાળીને ભસ્મ કરી નાખ્યું. વજ્રપાત જેવી આ દારુણ-દુઃખદ બીના સાંભળી શંકરજીએ ક્રોધિત થઈ પોતાના ગણોને મોકલી દક્ષના તે યજ્ઞનો સંપૂર્ણ વિધ્વંસ કરાવી નાખ્યો.

સતીએ યોગાગ્નિ દ્વારા પોતાના શરીરને બાળીને શૈલરાજ હિમાલયની પુત્રીરૂપે નવો જન્મ લીધો. તેઓ હવે 'શૈલપુત્રી' નામે સુખ્યાત થયાં. પાર્વતી, હૈમવતી પણ તેઓનાં જ નામ છે. ઉપનિષદ્‌ની એક કથાનુસાર તેમણે હૈમવતી સ્વરૂપે દેવતાઓનો ગર્વ ખંડિત કર્યો હતો.

'શૈલપુત્રી' દેવીનો વિવાહ પણ સદાશિવજી સાથે જ થયો. પૂર્વજન્મની જેમ આ જન્મમાં પણ તેઓ શિવજીનાં અર્ધાંગના બન્યાં. નવદુર્ગાઓમાં પ્રથમ શૈલપુત્રી દુર્ગાનું મહત્ત્વ અને શક્તિઓ અનંત છે. નવરાત્રિપૂજનમાં પ્રથમ દિવસે તેમની જ પૂજા અને ઉપાસના કરવામાં આવે છે. આ પ્રથમ દિવસની ઉપાસનામાં યોગીઓ પોતાના મનને 'મૂળાધાર' ચક્રમાં સ્થિત કરે છે. અહીંથી જ એમની યોગસાધનાનો પ્રારંભ થાય છે.



1228 1/A



# ૨. બ્રહ્મચારિણી

દધાના કરપદ્માભ્યામક્ષમાલાકમણ્ડલૂ ।
દેવી પ્રસીદતુ મયિ બ્રહ્મચારિણ્યનુત્તમા ॥

મા દુર્ગાની નવ શક્તિઓમાં બીજું સ્વરૂપ બ્રહ્મચારિણીનું છે. અહીં 'બ્રહ્મ' શબ્દનો અર્થ તપ છે. બ્રહ્મચારિણી અર્થાત્ તપનાં ચારિણી–તપનું આચરણ કરનારાં. કહેવાયું છે કે **વેદસ્તત્ત્વં તપો બ્રહ્મ**–વેદ, તત્ત્વ અને તપ 'બ્રહ્મ' શબ્દના અર્થ છે. બ્રહ્મચારિણી દેવીનું સ્વરૂપ પૂર્ણ જ્યોતિર્મય અને અત્યંત ભવ્ય છે. તેમના જમણા હાથમાં જપમાળા અને ડાબા હાથમાં કમંડળ રહે છે.

પોતાના પૂર્વજન્મમા જ્યારે તેઓ હિમાલયના ઘેર પુત્રીરૂપે અવતર્યાં, ત્યારે નારદના ઉપદેશથી તેમણે ભગવાન શિવજીને પતિરૂપે પામવા અત્યંત કઠિન તપ કર્યું હતું. આ દુષ્કર તપને કારણે તેમને તપશ્ચારિણી અર્થાત્ બ્રહ્મચારિણી નામથી અભિહિત કરાયાં. એક હજાર વર્ષ સુધી તેમણે માત્ર ફળ-મૂળ ખાઈને વ્યતીત કર્યાં. સો વર્ષ સુધી કેવળ શાક ખાઈને નિર્વાહ કર્યો. કેટલાક દિવસો સુધી કઠિન ઉપવાસ કરતાં કરતાં ખુલ્લા આકાશ નીચે વરસાદ અને તડકાનાં ભયાનક કષ્ટ સહ્યાં. આ કઠિન તપશ્ચર્યા બાદ ત્રણ હજાર વર્ષ સુધી કેવળ જમીન પર ખરી પડેલાં બીલીપત્રો ખાઈને અહર્નિશ ભગવાન શંકરની આરાધના કરતાં રહ્યાં. તત્પશ્ચાત્ તેમણે સૂકાં બીલીપત્રો ખાવાનું પણ છોડી દીધું. કેટલાંક હજાર વર્ષો સુધી તેઓ નિર્જળ અને નિરાહાર તપ કરતાં રહ્યાં. પાંદડાં (પર્ણ) ખાવાં છોડી દેવાના કારણે તેમનું એક નામ 'અર્પણા' પણ પડી ગયું.

કેટલાંક હજાર વર્ષોના આ કઠિન તપને કારણે બ્રહ્મચારિણી દેવીનું પૂર્વજન્મનું એ શરીર એકદમ ક્ષીણ થઈ ગયું. તેઓ અત્યંત કૃશકાય થઈ ગયાં. તેમની આ દશા જોઈને તેમનાં માતા મેના અત્યંત દુ:ખી થઈ ઊઠ્યાં. તેમણે તેમને આ કઠિન તપસ્યાથી વિરત કરવા માટે પોકાર કર્યો; 'ઉ...મા', અરે! નહીં...ઓ! નહીં! ત્યારથી દેવી બ્રહ્મચારિણીના પૂર્વજન્મનું એક નામ 'ઉમા' પણ પડ્યું.

તેમના આ તપને કારણે ત્રણેય લોકોમાં હાહાકાર થઈ ગયો. દેવો, ઋષિઓ, સિદ્ધજનો, મુનિઓ સર્વે બ્રહ્મચારિણી દેવીના આ તપને અભૂતપૂર્વ પુણ્યકૃત્ય કહીને તેમની પ્રશંસા કરવા લાગ્યા. અંતમાં પિતામહ બ્રહ્માજીએ આકાશવાણી દ્વારા તેમને સંબોધિત કરતાં પ્રસન્ન સ્વરે કહ્યું, 'હે દેવી! આજ સુધી કોઈએ આવું કઠોર તપ કર્યું નથી. આવું તપ તમારાથી જ સંભવ હતું. તમારા આ અલૌકિક કૃત્યની પ્રશંસા ચારેકોર થઈ રહી છે. તમારી મનોકામના સર્વતોભાવેન પરિપૂર્ણ થશે. ભગવાન ચંદ્રમૌલી શિવજી તમને પતિરૂપે પ્રાપ્ત થશે. હવે તમે તપસ્યાથી વિરત થઈ ઘેર પાછાં ફરો. તમારા પિતા શીઘ્રતાપૂર્વક તમને લેવા આવી રહ્યા છે.'

મા દુર્ગાજીનું આ દ્વિતીય સ્વરૂપ ભક્તો અને સિદ્ધોને અનંત ફળ આપનારું છે. તેમની ઉપાસનાથી મનુષ્યમાં તપ, ત્યાગ, વૈરાગ્ય, સદાચાર, સંયમની વૃદ્ધિ થાય છે. જીવનના કઠિન સંઘર્ષોમાંય તેમનું મન કર્તવ્યપથથી કદીય વિચલિત થતું નથી. મા બ્રહ્મચારિણી દેવીની કૃપાથી તેને સર્વત્ર સિદ્ધિ અને વિજયની પ્રાપ્તિ થાય છે. દુર્ગાપૂજાના બીજા દિવસે એમના આ સ્વરૂપની ઉપાસના કરવામાં આવે છે. આ દિવસે સાધકનું મન 'સ્વાધિષ્ઠાન' ચક્રમાં સ્થિત થાય છે. આ ચક્રમાં અવસ્થિત મનવાળા યોગી તેમની ભક્તિ અને કૃપા પ્રાપ્ત કરે છે.



1228 1/B





# ૩. ચન્દ્રઘણ્ટા

**પિણ્ડજપ્રવરારૂઢા ચણ્ડકોપાસ્ત્રકૈર્યુતા ।**
**પ્રસાદં તનુતે મહ્યં ચન્દ્રઘણ્ટેતિ વિશ્રુતા ॥**

મા દુર્ગાજીની ત્રીજી શક્તિનું નામ 'ચન્દ્રઘણ્ટા' છે. નવરાત્રિ-ઉપાસનાના ત્રીજા દિવસે એમના જ સ્વરૂપનું પૂજન-આરાધન કરવામાં આવે છે. તેમનું આ સ્વરૂપ પરમ શાંતિદાયક અને કલ્યાણકારી હોય છે. તેમના મસ્તિષ્કમાં ઘંટ આકારનો અર્ધચંદ્ર છે, એ જ કારણે તેમને ચન્દ્રઘણ્ટા દેવી કહેવામાં આવે છે. તેમના શરીરનો રંગ સ્વર્ણ જેવો ચમકદાર છે. તેમના દસ હાથ છે. તેમના દસેય હાથમાં ખડ્ગ આદિ શસ્ત્ર તથા બાણ આદિ અસ્ત્ર શોભાયમાન છે. તેમનું વાહન સિંહ છે. તેમની મુદ્રા યુદ્ધ માટે ઉદ્યત રહેનારી હોય છે. તેમના ઘંટ જેવા ભયાનક ચંડધ્વનિથી અત્યાચારી દાનવ-દૈત્ય-રાક્ષસ સદાય પ્રકંપિત રહે છે.

નવરાત્રિની દુર્ગા-ઉપાસનામાં ત્રીજા દિવસની પૂજાનું મહત્ત્વ અત્યાધિક છે. આ દિવસે સાધકનું મન 'મણિપુર' ચક્રમાં પ્રવિષ્ટ થાય છે. મા ચન્દ્રઘણ્ટાની કૃપાથી તેને અલૌકિક વસ્તુઓનાં દર્શન થાય છે. દિવ્ય સુગંધીઓનો અનુભવ થાય છે તથા વિવિધ પ્રકારનાં દિવ્ય ધ્વનિઓ સંભળાય છે. આ ક્ષણ સાધક માટે અત્યંત સાવધાન રહેવા માટેનાં હોય છે.

મા ચન્દ્રઘણ્ટાની કૃપાથી સાધકનાં સમસ્ત પાપ અને વિઘ્નો ટળી જાય છે. તેમની આરાધના સદ્યઃ ફળદાયી છે. તમની મુદ્રા સદૈવ યુદ્ધ માટે અભિમુખ રહેવાની હોય છે, તેથી ભક્તોનાં કષ્ટનું નિવારણ તેઓ અત્યંત શીઘ્રતાથી કરી દે છે. તેમનું વાહન સિંહ છે, માટે તેમનો ઉપાસક સિંહ જેવો પરાક્રમી અને નિર્ભય થઈ જાય છે. તેમના ઘંટનો ધ્વનિ સદાય પોતાના ભક્તોની પ્રેત-બાધા વગેરેમાં રક્ષા કરે છે. તેમનું ધ્યાન કરતાંવેત શરણાગતની રક્ષા માટે આ ઘંટનો ધ્વનિ નિનાદિત થઈ ઊઠે છે.

દુષ્ટોના દમન અને વિનાશ માટે સદાય તત્પર રહેવા છતાંય એમનું સ્વરૂપ દર્શક અને આરાધક માટે અત્યંત સૌમ્ય અને શાંતિથી પરિપૂર્ણ રહે છે. એમની આરાધનાથી પ્રાપ્ત થનારો એક બહુ મોટો સદ્ગુણ એ પણ છે કે સાધકમાં વીરતા-નિર્ભયતાની સાથે જ સૌમ્યતા અને વિનમ્રતાનોય વિકાસ થાય છે. તેનાં મુખ, નેત્ર તથા સંપૂર્ણ કાયામાં કાંતિ અને ગુણની વૃદ્ધિ થાય છે. સ્વરમાં દિવ્ય, અલૌકિક માધુર્યનો સમાવેશ થઈ જાય છે. મા ચન્દ્રઘણ્ટાના ભક્ત ને ઉપાસક જ્યાં પણ જાય છે, ત્યાં લોકો તેમને જોઈને શાંતિ અને સુખનો અનુભવ કરે છે. આવા સાધકના શરીરમાંથી દિવ્ય પ્રકાશયુક્ત પરમાણુઓનું અદશ્ય વિકિરણ થતું રહે છે. આ દિવ્ય ક્રિયા સાધારણ ચક્ષુઓથી દેખાતી નથી, પરંતુ સાધક અને એના સંપર્કમાં આવનારા લોકો આનો અનુભવ સુપેરે કરતાં રહે છે.

આપણાં મન, વચન, કર્મ અને કાયાને વિહિત વિધિવિધાન મુજબ સંપૂર્ણ પરિશુદ્ધ અને પવિત્ર કરીને, મા ચન્દ્રઘણ્ટાના શરણાગત થઈ આપણે તેમની ઉપાસના-આરાધનામાં તત્પર થવું જોઈએ. તેમની ઉપાસનાથી આપણે સમસ્ત સાંસારિક કષ્ટોથી વિમુક્ત થઈને સહેજે જ પરમપદના અધિકારી બની શકીએ છીએ. આપણે નિરંતર તેમના પવિત્ર સ્વરૂપને ધ્યાનમાં રાખીને સાધના તરફ વધવાનો પ્રયત્ન કરવો જોઈએ. આપણા આલોક અને પરલોક બંનેય માટે એમનું ધ્યાન પરમકલ્યાણકારી અને સદ્ગતિ આપનારું છે.





# ૪. કૂષ્માણ્ડા

**સુરાસમ્પૂર્ણકલશં રુધિરાપ્લુતમેવ ચ ।**
**દધાના હસ્તપદ્માભ્યાં કૂષ્માણ્ડા શુભદાસ્તુ મે ॥**

મા દુર્ગાના ચોથા સ્વરૂપનું નામ કૂષ્માણ્ડા છે. પોતાની મન્દ, હળવી હંસી દ્વારા અણ્ડ અર્થાત્ બ્રહ્માંડને ઉત્પન્ન કરવાને કારણે તેમને કૂષ્માણ્ડા દેવી નામથી અભિહિત કરવામાં આવ્યાં છે.

જ્યારે સૃષ્ટિનું અસ્તિત્વ નહોતું, ચારેકોર અંધકાર જ અંધકાર પરિવ્યાપ્ત હતો, ત્યારે આ જ દેવીએ પોતાના 'ઈષત્' હાસ્યથી બ્રહ્માંડની રચના કરી હતી. માટે એ જ સૃષ્ટિનાં આદિસ્વરૂપા, આદિશક્તિ છે. તેમના પૂર્વે બ્રહ્માંડનું અસ્તિત્વ હતું જ નહીં.'

તેમનો નિવાસ સૂર્યમંડળના ભીતરી લોકમાં છે. સૂર્યલોકમાં નિવાસ કરવાની ક્ષમતા અને શક્તિ કેવળ તેમનામાં છે. તેમના શરીરની કાંતિ અને પ્રભા પણ સૂર્ય સમાન જ દેદીપ્યમાન અને પ્રકાશિત છે. તેમનાં તેજની તુલના તેમનાથી જ કરી શકાય છે. અન્ય કોઈ પણ દેવી-દેવતા તેમનાં તેજ અને પ્રભાવની સમાનતા કરી શકતાં નથી. તેમનાં તેજ અને પ્રકાશથી દસે દિશાઓ પ્રકાશિત થતી રહે છે. બ્રહ્માંડની દરેક વસ્તુઓ અને પ્રાણીઓમાં પ્રસ્થાપિત તેજ તેમની જ છાયા છે.

તેમને આઠ ભુજાઓ છે. તેથી તેઓ અષ્ટભુજા દેવી નામે પણ પ્રખ્યાત છે. તેમના સાત હાથોમાં અનુક્રમે કમંડળ, ધનુષ, બાણ, કમળપુષ્પ, અમૃતપૂર્ણ કળશ, ચક્ર તથા ગદા છે. આઠમા હાથમાં સર્વે સિદ્ધિઓ અને નિધિઓ આપનારી જપમાળા છે. તેમનું વાહન સિંહ છે. સંસ્કૃતમાં કૂષ્માણ્ડ કોળાને કહે છે. બલિમાં કૂષ્માણ્ડની બલિ એમને સર્વાધિક પ્રિય છે અને આ જ કારણે તેઓ કૂષ્માણ્ડા પણ કહેવાય છે.

નવરાત્રિ-પૂજનના ચોથા દિવસે કૂષ્માણ્ડા દેવીના સ્વરૂપની જ ઉપાસના કરવામાં આવે છે. આ દિવસે સાધકનું મન 'અનાહત' ચક્રમાં અવસ્થિત હોય છે. માટે આ દિવસે તેણે અત્યંત પવિત્ર અને એકાગ્ર મનથી કૂષ્માણ્ડા દેવીના સ્વરૂપને ધ્યાનમાં રાખી પૂજા-ઉપાસનાના કાર્યમાં પરોવવું જોઈએ. મા કૂષ્માણ્ડાની ઉપાસનાથી ભક્તોના સમસ્ત રોગ-શોકનો નાશ થાય છે. તેમની ભક્તિથી આયુષ્ય, યશ, બળ અને આરોગ્યની વૃદ્ધિ થાય છે. .મા કૂષ્માણ્ડા અતિ અલ્પ સેવા અને ભક્તિથીય પ્રસન્ન થનારાં દેવી છે. જો મનુષ્ય સાચા હૃદયથી એમના શરણાગત બની જાય તો તેને અત્યંત સુગમતાથી પરમ પદની પ્રાપ્તિ થઈ શકે છે.

આપણે શાસ્ત્રો-પુરાણોમાં વર્ણિત વિધિવિધાન મુજબ મા દુર્ગાની ઉપાસના અને ભક્તિના માર્ગે અહર્નિશ આગળ વધતા રહેવું જોઈએ. માના ભક્તિમાર્ગે થોડાંક જ ડગલાં આગળ માંડવાની સાથે ભક્ત સાધકને તેમની કૃપાનો સૂક્ષ્મ અનુભવ થવા માંડે છે. આ દુઃખરૂપ સંસાર તેના માટે અત્યંત સુખદ અને સુગમ બની જાય છે.। મનુષ્ય માટે સહજભાવે ભવસાગર પાર ઊતરવા માની ઉપાસના જ સર્વાધિક સુગમ અને શ્રેયસ્કર માર્ગ છે. મા કૂષ્માણ્ડાની ઉપાસના મનુષ્યને આધિ-વ્યાધિમાંથી સર્વથા વિમુક્ત કરી તેને સમૃદ્ધિ અને ઉન્નતિ તરફ લઈ જનારી છે. પોતાની લૌકિક અને પારલૌકિક ઉન્નતિ ઈચ્છનારાઓએ મા કૂષ્માણ્ડાની ઉપાસનામાં સદાય તત્પર રહેવું જોઈએ.





# ૫. સ્કન્દમાતા

**સિંહાસનગતા નિત્યં પદ્માશ્રિતકરદ્વયા ।**
**શુભદાસ્તુ સદા દેવી સ્કન્દમાતા યશસ્વિની ॥**

મા દુર્ગાજીના પાંચમા સ્વરૂપને સ્કન્દમાતાના નામથી ઓળખવામાં આવે છે. આ ભગવાન સ્કન્દ 'કુમાર કાર્તિકેય' નામે પણ ઓળખાય છે. તેઓ પ્રસિદ્ધ દેવાસુર સંગ્રામમાં દેવતાઓના સેનાપતિ બન્યા હતા. પુરાણોમાં કુમાર અને શક્તિધર કહીને તેમના મહિમાનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમનું વાહન મયૂર છે. તેથી તેમને મયૂરવાહન નામે પણ અભિહિત કરાયા છે.

આ જ ભગવાન સ્કન્દનાં માતા હોવાને લીધે મા દુર્ગાજીના આ પાંચમા સ્વરૂપને સ્કન્દમાતાના નામે ઓળખવામાં આવે છે. તેમની ઉપાસના નવરાત્રિ-પૂજાના પાંચમા દિવસે કરવામાં આવે છે. આ દિવસે સાધકનું મન 'વિશુદ્ધ' ચક્રમાં અવસ્થિત હોય છે. તેમના સ્વરૂપમાં ભગવાન સ્કન્દજી બાળરૂપે તેમના ખોળામાં બેઠેલા હોય છે. સ્કન્દમાતૃસ્વરૂપિણી દેવીને ચાર ભુજાઓ છે. તેઓ જમણી બાજુની ઉપરની ભુજા દ્વારા ભગવાન સ્કન્દને ખોળામાં પકડી રાખે છે અને જમણી બાજુની જે નીચેની ભુજા જે ઉપર તરફ ઉઠેલી છે, તેમાં કમળપુષ્પ છે. ડાબી બાજુની ઉપરવાળી ભુજા વરમુદ્રામાં છે તેમજ નીચેવાળી જે ભુજા ઉપર તરફ ઉઠેલી છે તેમાં પણ કમળપુષ્પ ધારણ કરેલું છે. તેમનો વર્ણ પૂર્ણતઃ શુભ્ર છે. તેઓ કમળના આસન પર બિરાજમાન રહે છે. આથી તેમને પદ્માસના દેવી પણ કહેવામાં આવે છે. સિંહ પણ તેમનું વાહન છે.

નવરાત્રિપૂજનના પાંચમા દિવસનું પુષ્કળ મહત્ત્વ શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે. 'વિશુદ્ધ' ચક્રમાં અવસ્થિત મનવાળા સાધકની સમસ્ત બાહ્યક્રિયાઓ અને ચિત્તવૃત્તિઓનો લોપ થઈ જાય છે. તે વિશુદ્ધ ચૈતન્યસ્વરૂપ તરફ આગળ વધતો હોય છે. તેનું મન સમસ્ત લૌકિક, સાંસારિક, માયિક બંધનોમાંથી વિમુક્ત થઈને પદ્માસના મા સ્કન્દમાતાના સ્વરૂપમાં પૂર્ણતઃ તલ્લીન થઈ જાય છે. આ સમયે સાધકે પૂર્ણ સાવધાની સાથે ઉપાસના તરફ વધવું જોઈએ. તેણે પોતાની સમસ્ત ધ્યાન-વૃત્તિઓને એકાગ્ર રાખી સાધનાપથ પર આગળ વધતા રહેવું જોઈએ.

મા સ્કન્દમાતાની ઉપાસનાથી ભક્તની સમસ્ત ઇચ્છાઓ પરિપૂર્ણ થઈ જાય છે. આ મૃત્યુલોકમાં જ તેને પરમ શાંતિ અને સુખનો અનુભવ થવા માંડે છે. એના માટે મોક્ષનું દ્વાર આપોઆપ સુલભ થઈ જાય છે. સ્કન્દમાતાની ઉપાસનાથી બાળરૂપ સ્કન્દભગવાનની ઉપાસના પણ આપોઆપ થઈ જાય છે. આ વિશેષતા કેવળ એમને જ મળેલ છે, તેથી સાધકે સ્કન્દમાતાની ઉપાસના તરફ વિશેષ લક્ષ્ય આપવું જોઈએ. સૂર્યમંડળની અધિષ્ઠાત્રી દેવી હોવાને કારણે એમનો ઉપાસક અલૌકિક તેજ અને કાંતિથી સમ્પન્ન થઈ જાય છે. એક અલૌકિક પ્રભામંડળ અદૃશ્યભાવે સદૈવ તેના ચતુર્દિક પરિવ્યાપ્ત રહે છે. આ પ્રભામંડળ પ્રતિક્ષણ તેના યોગક્ષેમનું નિર્વહન કરતું રહે છે.

માટે આપણે એકાગ્રભાવે મનને પવિત્ર રાખી માનું શરણું લેવા પ્રયત્ન કરવો જોઈએ. આ ઘોર ભવસાગરનાં દુઃખોમાંથી મુક્તિ પામીને મોક્ષનો માર્ગ સુલભ કરવા માટે આનાથી ઉત્તમ ઉપાય બીજો કોઈ નથી.





# ૬. કાત્યાયની

**ચન્દ્રહાસોજ્જ્વલકરા શાર્દૂલવરવાહના ।**
**કાત્યાયની શુભં દદ્યાદેવી દાનવઘાતિની ॥**

મા દુર્ગાના છઠ્ઠા સ્વરૂપનું નામ કાત્યાયની છે. તેમનું કાત્યાયની નામ પડવાની કથા આ પ્રમાણે છે : કત નામે એક પ્રસિદ્ધ મહર્ષિ હતા. તેમના પુત્ર ઋષિ કાત્ય થયા. આ જ કાત્યના ગોત્રમાં વિશ્વપ્રસિદ્ધ મહર્ષિ કાત્યાયન ઉત્પન્ન થયા હતા. તેમણે ભગવતી પરામ્બાની ઉપાસના કરતાં કરતાં ઘણાં વર્ષો સુધી કઠિન તપ કર્યું હતું. તેમની ઇચ્છા હતી કે મા ભગવતી તેમના ઘેર પુત્રીરૂપે અવતરે. મા ભગવતીએ તેમની આ પ્રાર્થનાનો સ્વીકાર કર્યો હતો.

થોડાક સમય બાદ જ્યારે દાનવ મહિષાસુરનો અત્યાચાર પૃથ્વી પર ઘણો જ વધી ગયો ત્યારે ભગવાન બ્રહ્મા, વિષ્ણુ, મહેશ ત્રણેય દેવોએ પોતપોતાના તેજનો અંશ આપીને મહિષાસુરના વિનાશ માટે એક દેવીને ઉત્પન્ન કર્યાં. મહર્ષિ કાત્યાયને સર્વપ્રથમ તેમની પૂજા કરી. આ કારણે તેઓ કાત્યાયની કહેવાયાં.

એવી પણ કથા મળે છે કે તેઓ મહર્ષિ કાત્યાયનના ત્યાં પુત્રીરૂપે પણ ઉત્પન્ન થયાં હતાં. આસો વદ ચતુર્દશીએ જન્મ લઈ સુદ સાતમ, આઠમ તથા નવમી સુધી (ત્રણ દિવસ), તેમણે કાત્યાયન ઋષિની પૂજા ગ્રહણ કરી દશમીએ મહિષાસુરનો વધ કર્યો હતો.

મા કાત્યાયની અમોઘ ફળ આપનારાં છે. ભગવાન કૃષ્ણને પતિરૂપે પામવા માટે વ્રજની ગોપીઓએ તેમની પૂજા કાલિન્દી-યમુના તટે કરી હતી. તેઓ વ્રજમંડળનાં અધિષ્ઠાત્રી દેવીરૂપે પણ પ્રતિષ્ઠિત છે. તેમનું સ્વરૂપ અત્યંત ભવ્ય અને દિવ્ય છે. તેમનો વર્ણ સ્વર્ણ સમાન ચમકદાર અને તેજોમયમાન છે. તેમને ચાર ભુજાઓ છે. માતાજીનો જમણી બાજુનો ઉપરવાળો હાથ અભયમુદ્રામાં છે તથા નીચેનો હાથ વરમુદ્રામાં છે. ડાબી બાજુના ઉપરવાળા હાથમાં તલવાર અને નીચેવાળા હાથમાં કમળ સુશોભિત છે. તેમનું વાહન સિંહ છે.

દુર્ગાપૂજાના છઠ્ઠા દિવસે તેમના સ્વરૂપની ઉપાસના કરવામાં આવે છે. તે દિવસે સાધકનું મન 'આજ્ઞા'ચક્રમાં સ્થિત હોય છે. યોગસાધનામાં આ આજ્ઞાચક્રનું અત્યંત મહત્ત્વપૂર્ણ સ્થાન છે. આ ચક્રમાં સ્થિત મનવાળો સાધક મા કાત્યાયનીના ચરણોમાં પોતાનું સર્વસ્વ નિવેદિત કરી દે છે. પરિપૂર્ણ આત્મદાન કરનારા આવા ભક્તને સહજ ભાવે મા કાત્યાયનીનાં દર્શન પ્રાપ્ત થઈ જાય છે. મા કાત્યાયનીની ભક્તિ અને ઉપાસના દ્વારા મનુષ્યને ઘણી જ સરળતાથી અર્થ, ધર્મ, કામ, મોક્ષ આદિ ચારેય ફળની પ્રાપ્તિ થઈ જાય છે. તે આ લોકમાં સ્થિત રહીને પણ અલૌકિક તેજ અને પ્રભાવયુક્ત થઈ જાય છે. તેના રોગ, શોક, સંતાપ, ભય આદિ સર્વથા નાશ પામે છે. જન્મજન્માંતરનાં પાપોનો નાશ કરવા માટે માની ઉપાસનાથી અધિક સરળ અને સુગમ માર્ગ અન્ય કોઈ નથી. તેમનો ઉપાસક નિરંતર તેમના સાંનિધ્યમાં રહીને પરમપદનો અધિકારી બની જાય છે. માટે આપણે સર્વતોભાવેન માના શરણાગત થઈ તેમની પૂજા-ઉપાસના માટે તત્પર રહેવું જોઈએ.





# ૭. કાળરાત્રિ

એકવેણી જપાકર્ણપૂરા નગ્ના ખરાસ્થિતા ।
લમ્બોષ્ઠી કર્ણિકાકર્ણી તૈલાભ્યક્તશરીરિણી ॥
વામપાદોલ્લસલ્લોહલતાકણ્ટકભૂષણા ।
વર્ધનમૂર્ધધ્વજા કૃષ્ણા કાલરાત્રિર્ભયઙ્કરી ॥

મા દુર્ગાજીની સાતમી શક્તિ કાળરાત્રિ નામે ઓળખાય છે. તેમના દેહનો રંગ ગાઢ અંધકારની જેમ એકદમ કાળો છે. માથાના વાળ વિખેરાયેલા છે. ગળામાં વિદ્યુતની જેમ ચમકનારી માળા છે. તેમનાં ત્રણ નેત્રો છે. એ ત્રણે નેત્રો બ્રહ્માંડની જેમ ગોળ છે, જેમાંથી વીજળી જેવા ચમકારા થતા રહે છે. તેમની નાસિકાના શ્વાસ-પ્રશ્વાસથી અગ્નિની ભયંકર જ્વાળાઓ નીકળતી રહે છે. તેમનું વાહન ગર્દભ છે. ઉપર ઉઠેલા જમણા હાથની વરમુદ્રાથી સર્વેને વર પ્રદાન કરે છે. જમણી બાજુનો નીચેનો હાથ અભયમુદ્રામાં છે. ડાબી બાજુના ઉપરવાળા હાથમાં લોખંડનો કાંટો તથા નીચેવાળા હાથમાં ખડ્ગ (કટાર) છે.

મા કાળરાત્રિનું સ્વરૂપ જોવામાં અત્યંત ભયાનક છે, પણ એ કાયમ શુભ ફળ જ આપનારાં છે. એ જ કારણે એમનું એક નામ 'શુભઙ્કરી' પણ છે. માટે તેમનાથી ભક્તોએ કોઈ પણ રીતે ભયભીત અથવા આતંકિત થવાની આવશ્યકતા નથી.

દુર્ગાપૂજાના સાતમા દિવસે મા કાળરાત્રિની ઉપાસનાનું વિધાન છે. આ દિવસે સાધકનું મન 'સહસ્રાર' ચક્રમાં સ્થિત રહે છે. તેમના માટે બ્રહ્માંડની સમસ્ત સિદ્ધિઓનાં દ્વાર ઉઘડવા માંડે છે. આ ચક્રમાં સ્થિત સાધકનું મન સંપૂર્ણપણે મા કાળરાત્રિના સ્વરૂપમાં અવસ્થિત રહે છે. તેમના સાક્ષાત્કારથી મળનારા પુણ્યનો તે ભાગી બની જાય છે. તેનાં સમસ્ત પાપો-વિઘ્નોનો નાશ થઈ જાય છે. તેને અક્ષય પુણ્ય-લોકની પ્રાપ્તિ થાય છે.

મા કાળરાત્રિ દુષ્ટોનો વિનાશ કરનારાં છે. દાનવ, દૈત્ય, રાક્ષસ, ભૂત, પ્રેત આદિ એના સ્મરણમાત્રથી જ ભયભીત થઈને નાસી જાય છે. તેઓ ગ્રહ-બાધાઓને પણ દૂર કરનારાં છે. તેમના ઉપાસકને અગ્નિભય, જળભય, જંતુભય, શત્રુભય, રાત્રિભય આદિ ક્યારેય લાગતા નથી. એમની કૃપાથી તે સર્વથા ભયમુક્ત થઈ જાય છે.

મા કાળરાત્રિના સ્વરૂપ-વિગ્રહને પોતાના હૃદયમાં અવસ્થિત કરીને મનુષ્યે એકનિષ્ઠભાવે તેમની ઉપાસના કરવી જોઈએ. યમ, નિયમ, સંયમનું તેણે પૂર્ણ પાલન કરવું જોઈએ. મન, વચન, કાયાની પવિત્રતા રાખવી જોઈએ. મા કાળરાત્રિ શુભઙ્કરી દેવી છે, તેમની ઉપાસનાથી થનારાં શુભોની ગણતરી થઈ શકતી નથી. આપણે નિરંતર તેમનું સ્મરણ, ધ્યાન અને પૂજન કરવું જોઈએ.


B.K. Mitra



# ૮. મહાગૌરી

**શ્વેતે વૃષે સમારૂઢા શ્વેતામ્બરધરા શુચિઃ ।**
**મહાગૌરી શુભં દદ્યાન્મહાદેવપ્રમોદદા ॥**

મા દુર્ગાજીની આઠમી શક્તિનું નામ મહાગૌરી છે. તેમનો વર્ણ સંપૂર્ણપણે ગૌર છે. તેમની આ ગૌરતાની ઉપમા શંખ, ચન્દ્ર અને મોગરાના પુષ્પથી અપાઈ છે. તેમની ઉંમર આઠ વર્ષની માનવામાં આવેલ છે – **'અષ્ટવર્ષા ભવેદ્ ગૌરી.'** તેમનાં સમસ્ત આભૂષણ અને વસ્ત્રો વગેરે પણ શ્વેત છે. તેમને ચાર ભુજાઓ છે. તેમનું વાહન વૃષભ છે. તેમનો ઉપરનો જમણો હાથ અભયમુદ્રામાં છે અને નીચેના જમણા હાથમાં ત્રિશૂળ છે. ઉપરના ડાબા હાથમાં ડમરૂ છે અને નીચેના ડાબા હાથમાં વરમુદ્રા છે. તેમની મુદ્રા અત્યંત શાંત છે.

પોતાના પાર્વતીરૂપમાં તેમણે ભગવાન શિવને પતિરૂપે પ્રાપ્ત કરવા માટે ઘણું કઠોર તપ કર્યું હતું. તેમની પ્રતિજ્ઞા હતી કે **'વ્રિયેડહં વરદં શમ્ભું નાન્યં દેવં મહેશ્વરાત્'** (નારદ પાઞ્ચરાત્ર). ગોસ્વામી તુલસીદાસજી અનુસાર પણ તેમણે ભગવાન શિવના વરણ માટે કઠોર સંકલ્પ કર્યો હતો.

**જન્મ કોટિ લગિ રગર હમારી ।**
**બરઉँ સંભુ ન ત રહઉં કુँઆરી ॥**

આ કઠોર તપને કારણે તેમનું શરીર એકદમ કાળું પડી ગયું. તેમના તપથી પ્રસન્ન અને સંતુષ્ટ થઈને જ્યારે ભગવાન શિવે તેમના શરીરને ગંગાજીના પવિત્ર જળથી મર્દન કરી ધોયું ત્યારે તેઓ વિદ્યુતપ્રભા જેવા અત્યંત કાન્તિમાન-ગૌર થઈ ઊઠ્યાં. ત્યારથી તેમનું નામ મહાગૌરી પડ્યું.

દુર્ગાપૂજાના આઠમા દિવસે મહાગૌરીની ઉપાસનાનું વિધાન છે. તેમની શક્તિ અમોઘ અને તુરંત ફળ આપનારી છે. તેમની ઉપાસનાથી ભક્તોના સર્વે મેલ ધોવાઈ જાય છે. તેના પૂર્વસંચિત પાપ પણ નષ્ટ થઈ જાય છે. ભવિષ્યમાં પાપ-સંતાપ, દૈન્ય-દુઃખ તેની પાસે ક્યારેય આવતાં નથી. તે સર્વે પ્રકારે પવિત્ર અને અક્ષય પુણ્યનો અધિકારી બની જાય છે.

મા મહાગૌરીનાં ધ્યાન-સ્મરણ, પૂજન-આરાધન ભક્તો માટે દરેક રીતે કલ્યાણકારી છે. આપણે સદાય એમનું ધ્યાન કરવું જોઈએ. એમની કૃપાથી અલૌકિક સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. મનને અનન્યભાવે એકનિષ્ઠ કરી મનુષ્યે કાયમ એમના જ પાદારવિંદોનું ધ્યાન કરવું જોઈએ. ભક્તોનાં કષ્ટો તે અવશ્ય દૂર કરે છે. તેમની ઉપાસનાથી આર્તજનોનાં અસંભવ કાર્યો પણ સંભવ થઈ જાય છે. માટે એમના ચરણોમાં શરણ પામવા આપણે સર્વ પ્રકારે પ્રયત્ન કરવો જોઈએ. પુરાણમાં એમની મહિમાનાં પ્રચૂર આખ્યાન અપાયાં છે. તેઓ મનુષ્યોની વૃત્તિઓને સત્ય તરફ પ્રેરિત કરીને અસત્યનો વિનાશ કરે છે. આપણે પ્રપતિ ભાવે સદાય એમના શરણાગત બનવું જોઈએ.


B.K. Mitra



# ૯. સિદ્ધિદાત્રી

**સિદ્ધગન્ધર્વયક્ષાદ્યૈરસુરૈરમરૈરપિ ।**
**સેવ્યમાના સદા ભૂયાત્ સિદ્ધિદા સિદ્ધિદાયિની ॥**

મા દુર્ગાજીની નવમી શક્તિનું નામ સિદ્ધિદાત્રી છે. તેઓ સર્વે સિદ્ધિઓને આપનારાં છે. માર્કન્ડેયપુરાણ મુજબ અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ અને વશિત્વ-આ આઠ સિદ્ધિઓ હોય છે. બ્રહ્મવૈવર્ત્તપુરાણના શ્રીકૃષ્ણ જન્મખંડમાં આ સંખ્યા અઢારની દર્શાવવામાં આવી છે. તેમનાં નામ આ પ્રમાણે છે :

| | | |
|---|---|---|
| ૧. અણિમા | ૭. સર્વકામાવસાયિતા | ૧૩. સૃષ્ટિ |
| ૨. લઘિમા | ૮. સર્વજ્ઞત્વ | ૧૪. સંહારકરણસામર્થ્ય |
| ૩. પ્રાપ્તિ | ૯. દૂરશ્રવણ | ૧૫. અમરત્વ |
| ૪. પ્રાકામ્ય | ૧૦. પરકાયપ્રવેશન | ૧૬. સર્વન્યાયકત્વ |
| ૫. મહિમા | ૧૧. વાક્સિદ્ધિ | ૧૭. ભાવના |
| ૬. ઈશિત્વ, વાશિત્વ | ૧૨. કલ્પવૃક્ષત્વ | ૧૮. સિદ્ધિ |

મા સિદ્ધિદાત્રી ભક્તો અને સાધકોને આ સર્વે સિદ્ધિઓ પ્રદાન કરવા સમર્થ છે. દેવીપુરાણ મુજબ ભગવાન શિવે તેમની કૃપાથી જ આ સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી, તેમની અનુકમ્પાથી જ ભગવાન શિવનું અડધું શરીર દેવીનું બન્યું હતું. આ જ કારણે તેઓ આ લોકમાં 'અર્ધનારીશ્વર' નામે પ્રસિદ્ધ થયા. મા સિદ્ધિદાત્રી ચાર ભુજાઓવાળા છે. તેમનું વાહન સિંહ છે. તેઓ કમળ પર પણ બિરાજમાન થાય છે. એમના જમણી બાજુના નીચેના હાથમાં ચક્ર, ઉપરવાળા હાથમાં ગદા તેમજ ડાબી બાજુના નીચેના હાથમાં શંખ અને ઉપરવાળા હાથમાં કમળ શોભાયમાન છે. નવરાત્રિ-પૂજનના નવમા દિવસે તેમની ઉપાસના કરવામાં આવે છે. આ દિવસે શાસ્ત્રીય વિધિ-વિધાન અને પૂર્ણ નિષ્ઠા સાથે સાધના કરનારા સાધકને સર્વે સિદ્ધિઓ પ્રાપ્ત થઈ જાય છે. સૃષ્ટિમાં કંઈ પણ તેના માટે અગમ્ય રહેતું નથી. બ્રહ્માંડ પર પૂર્ણ વિજય પ્રાપ્ત કરવાનું સામર્થ્ય તેનામાં આવી જાય છે.

પ્રત્યેક મનુષ્યનું એ કર્તવ્ય છે કે તે મા સિદ્ધિદાત્રીની કૃપા પ્રાપ્ત કરવાનો પ્રયાસ નિરંતર કરે. તેમની આરાધના કરવા આગળ વધે. તેમની કૃપાથી અનંત દુઃખરૂપ સંસારમાં નિર્લિપ્ત રહીને સમસ્ત સુખોનો ભોગ કરતાં કરતાં તે મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

નવદુર્ગાઓમાં મા સિદ્ધિદાત્રી છેલ્લાં છે. અન્ય આઠ દુર્ગાઓની પૂજા-ઉપાસના શાસ્ત્રીય વિધિવિધાન અનુસાર કરતાં કરતાં ભક્ત દુર્ગાપૂજાના નવમા દિવસે એમની ઉપાસનામાં પ્રવૃત્ત થાય છે. આ સિદ્ધિદાત્રી માની ઉપાસના પૂર્ણ કરી લીધા બાદ ભક્તો અને સાધકોની લૌકિક-પારલૌકિક સર્વે પ્રકારની કામનાઓની પૂર્તિ થઈ જાય છે; પરંતુ સિદ્ધિદાત્રી માના કૃપાપાત્ર ભક્તના હૃદયમાં એવી કોઈ કામના શેષ રહેતી જ નથી, જે તે પૂર્ણ કરવા માગે. તેની બધી સાંસારિક ઇચ્છાઓ, આવશ્યકતાઓ અને સ્પૃહાઓથી ઉપર ઉઠીને માનસિક રૂપે મા ભગવતીના દિવ્ય લોકોમાં વિચરણ કરતાં અને તેમના કૃપા-રસ-પીયૂષનું નિરંતર પાન કરતાં કરતાં વિષય-ભોગ-શૂન્ય થઈ જાય છે. મા ભગવતીનું પરમ સાન્નિધ્ય જ તેનું સર્વસ્વ બની જાય છે. આ પરમપદને પામ્યા બાદ તેને અન્ય કોઈ પણ વસ્તુની આવશ્યકતા રહેતી જ નથી.

માના ચરણોનું આ સાન્નિધ્ય પ્રાપ્ત કરવા માટે આપણે નિરંતર નિયમનિષ્ઠ રહીને તેમની ઉપાસના કરવી જોઈએ. મા ભગવતીનું સ્મરણ, ધ્યાન, પૂજન આપણને આ સંસારની અસારતાનો બોધ કરાવીને વાસ્તવિક પરમ શાંતિદાયક અમૃતપદ તરફ લઈ જનાર છે.






# શ્રી અમ્બાજીની આરતી

જય અમ્બે ગૌરી મૈયા જય શ્યામાગૌરી।
તુમકો નિશિદિન ધ્યાવત હરિ બ્રહ્મા શિવ રી॥ જય અમ્બે૦

માઁગ સિંદૂર વિરાજત ટીકો મૃગમદકો।
ઉજ્જવલસે દોઉ નૈના, ચંદ્રવદન નીકો॥ જય અમ્બે૦

કનક સમાન કલેવર રક્તામ્બર રાજૈ।
રક્તા-પુષ્પ ગલ માલા, કણ્ઠનપર સાજૈ॥ જય અમ્બે૦

કેહરિ વાહન રાજત, ખડ્ગ ખપર ધારી।
સુર-નર-મુનિ-જન સેવત, તિનકે દુખહારી॥ જય અમ્બે૦

કાનન કુણ્ડલ શોભિત, નાસાગ્રે મોતી।
કોટિક ચંદ્ર દિવાકર સમ રાજત જ્યોતી॥ જય અમ્બે૦

શુમ્ભ નિશુમ્ભ વિદારે, મહિષાસુર-ઘાતી।
ધૂમ્રવિલોચન નૈના નિશિદિન મદમાતી॥ જય અમ્બે૦

ચણ્ડ મુણ્ડ સંહારે, શોણિતબીજ હરે।
મધુ કૈટભ દોઉ મારે, સુર ભયહીન કરે॥ જય અમ્બે૦

બ્રહ્માણી, રુદ્રાણી તુમ કમલારાની।
આગમ-નિગમ-બખાની, તુમ શિવ પટરાની॥ જય અમ્બે૦

ચૌંસઠ યોગિનિ ગાવત, નૃત્ય કરત ભૈરૂઁ।
બાજત તાલ મૃદંગા ઔ બાજત ડમરૂ॥ જય અમ્બે૦

તુમ હી જગકી માતા, તુમ હી હો ભરતા।
ભક્તનકી દુખ હરતા સુખ સમ્પતિ કરતા॥ જય અમ્બે૦

ભુજા ચાર અતિ શોભિત, વર-મુદ્રા ધારી।
મનવાઞ્છિત ફલ પાવત, સેવત નર-નારી॥ જય અમ્બે૦

કંચન થાલ વિરાજત અગર કપુર બાતી।
(શ્રી) માલકેતુમેં રાજત કોટિરતન જ્યોતી॥ જય અમ્બે૦

(શ્રી) અમ્બેજીકી આરતિ જો કોઈ નર ગાવૈ।
કહત શિવાનઁદ સ્વામી, સુખ સમ્પતિ પાવૈ॥ જય અમ્બે૦